ગાંધીનગર સમાચાર

# ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે યોજાયો 'ઘરમાં ઉર્જા બચત' કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૩૦

ઉર્જા એ આપણી પાયાની જરૂરિયાત છે. ઉર્જાનો દિન-પ્રતિદિન વપરાશ વધતો જાય છે. ઉર્જાના સ્ત્રોતોના વપરાશ સાથે ઉર્જાની કટોકટીની ગંભીર સમસ્યાઓ ઉભી થાય છે. તદ્ઉપરાંત કોલસો,પેટ્રોલ,ગેસનો ઉપયોગ કરવાથી હવાનું પ્રદુષણ પણ વધે છે. જે ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાયમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા પેદા કરે છે.

ઉર્જાની બચત કરી આવનારી પેઢી માટે ઉર્જા સ્ત્રોતો બચાવવા ખુબજ જરૂરી છે. ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) ના ઉપક્રમે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સેક્ટર-૭,ખાતે આવેલ ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે "ઘરમાં ઉર્જા બચત" એ વિષય ઉપર ડૉ.અનિલભાઈ પટેલ દ્વારા વીજ બચત અંગે નિદર્શન કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં ઘરમાં વપરાતા પરંપરાગત બલ્બ, ટ્યુબ, ફ્રીઝ, એસી,વગેરે ઉપકરણો કેટલી વીજળી વાપરે છે અને તેનો વિકલ્પ પસંદ કરીને કઈ રીતે વીજબીલ ઘટાડી શકાય તેની સમજ આપવામાં આવી. વીજળી ઉત્પન્ન કરવા વપરાતો કોલસો વીજ બચત થકી બચાવી શકાય છે. અને સોલાર રૂફ ટોપ યોજનાનો લાભ લઈ ઘરનું લાઈટબીલ જીરો કઈ રીતે કરી શકાય તેની વિસ્તૃત સમજ આપવામાં આવી.

આ પ્રસંગે નરેશભાઈ ઠાકરે પ્લાસ્ટીકના વપરાશ, કચરાનું વ્યવસ્થાપન અને તેના નિકાલની પદ્ધતિઓ વિષે સમજ આપી. કોલેજના આચાર્ય શીતલબેન પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલે કાર્યક્રમ માટે જહેમત ઉઠાવી સફળતાપૂર્વક પાર પડ્યો.

# શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના બાલકાવ્યસંગ્રહ 'રંગોની લા'ણી'ને સાહિત્ય અકાદમી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક એનાયત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સુપ્રસિદ્ધ બાલસાહિત્યકાર શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટ લિખિત બાલકાવ્યસંગ્રહ 'રંગોની લા'ણી'ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ-૨૦૧૭ના બાલકાવ્ય વિભાગમાં શ્રેષ્ઠપુસ્તકનું પ્રથમ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. તારીખ ૨૯/૧/૨૦૨૦ના રોજ ગુજરાત સાહિત્ય અકાદામી દ્વારા યોજાએલ સમારોહમાં પારિતોષિક એનાયત કરવામાં આવેલ છે. શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના ચાર બાલ કાવ્યસંગ્રહોને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અને એક કાવ્યસંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા છે.



શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટનો પ્રથમ બાલકાવ્યસંગ્રહ 'ઝરણું ઝાંઝરિયું' વર્ષ-૨૦૦૫માં પ્રકાશિત થયો ત્યારબાદ અત્યાર સુધીમાં ટમકે તારા, પર્વતની ટોચે, તારલિયાની ટોળી, અજવાળાં લ્યો, પંચીકડાં, રંગોની લા'ણી અને ફૂલોનો દરિયો બાલકાવ્યસંગ્રહો તથા ચકલીબહેનનું મોતી બાલવાર્તાસંગ્રહ પ્રકાશિત થયેલ છે.

'રંગોની લા'ણી' બાલકાવ્યસંગ્રહમાં આસપાસની સૃષ્ટિનું અવલોકન કરી તેને આત્મસાત કરવાની મથામણ કરતા બાળકની બાલસહજ ચેષ્ટાઓ, બાળકની કલ્પનાસૃષ્ટિ, કુદરત સાથેના તેના અનુસંધાન, પ્રેમ, વાત્સલ્ય, કર્તવ્યભાવના તથા બાળસહજ મુંઝવણનું નિરૂપણ થયેલું જોવા મળે છે. આ કાવ્યસંગ્રહમાં મોટાભાગનાં કાવ્યો ગાઈ શકાય તેવાં છે. બાલ્યાવસ્થા, બાળકનું ભાવવિશ્વ, કલ્પનાજગત, કુતૂહલ વગેરેને લગતાં કાવ્યો-ગીતો ફક્ત બાળકને જ નહીં વડીલોને પણ ગાવાં – ગણગણવાં ગમે તેવાં છે.

# જન્મદિને વધામણી



મકબુલખાન એસ. પઠાણ
મો. ૯૯૯૮૭ ૨૨૪૧૯



કિન્નરી એચ ભટ્ટ




જીમિત એ પટેલ
મો. ૯૯૭૮૮ ૧૧૬૦૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખાતે ઈન્ડોર ઍર ક્વૉલિટી પર આંતરરાષ્ટ્રી પરિષદ



ગાંધીનગર, તા. ૩૦

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના મીકેનીકલ ડીપાર્ટમેન્ટના પસંદ પામેલા ૧૫ વિદ્યાર્થીઓએ અને મીકેનીકલ ડીપાર્ટમેન્ટના પ્રો. ખાલીદ સિદ્દીકીએ ઈસરે અમદાવાદ ચેપ્ટર અને આશરે વેસ્ટર્ન અમદાવાદ ચેપ્ટરના સયુંકત સહયોગથી યોજાયેલા "ઈન્ડોર - એર કવોલીટી" વિષયના આંતર-રાષ્ટ્રીય ચર્ચા પરિષદમાં ભાગ લીધો હતો.

પંડિત દિન-દયાળ ઉપાધ્યાય ઓડોટોરીયમ, અમદાવાદ ખાતે યોજેલા આ બે દિવસીય આંતર-રાષ્ટ્રીય પરિષદમાં વિદ્યાર્થીઓએ રેફ્રીજરેટર એરકન્ડીશનરની ટેકનોલોજીમાં આવતા ફેરફારોની માહિતી અને ઈન્ડોર એર-ક્વોલીટીને વધારે શુદ્ધ કેવી રીતે બનાવવી એ અંગે જીણવટભરી માહિતીઓનું જ્ઞાન એકત્ર કર્યું હતું. આ આંતર રાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધા બાદ વિદ્યાર્થીઓમાં આધુનિક ટેકનોલોજીની સૂઝમાં વધારો થયો હતો જે તેઓના એન્જીનીયરીંગના અભ્યાસક્રમમાં આવતા ઈનોવેટીવ પ્રોજેક્ટ માટે પ્રેરણાદાયક સાબિત થયું હતું.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડો. કિંજલ અધ્વર્યુએ વિદ્યાર્થીઓ અને ડિપ્લોમા કોલેજ ના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ પ્રો. ખાલીદ સિદીકીને અભિનંદન પાઠવ્યા હતા.

# સી.એમ. હાઈસ્કૂલમાં રાજયપાલ અને શિક્ષણમંત્રીના પ્રેરક વકતવ્યનો કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ -૨૦૨૦માં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે હેતુથી બાયસેગના માધ્યમથી માન. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી દ્વારા શિક્ષણના પ્રેરક વક્તવ્યોનું જીવંત પ્રસારણ તા. ૨૮-૦૧-૨૦૨૦ ને મંગળવારે સાંજે ૪:૦૦ કલાકે વંદે ગુજરાત ચેનલ નં ૧૦ પરથી કરવામાં આવ્યું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ભણતા તમામ વિદ્યાર્થીઓને કાર્યક્રમ બતાવવામાં આવ્યો. આગામી ધો-૧૦ અને ધો-૧૨ ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવતા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે ,પરીક્ષા એ જીવનનો અંતિમ પડાવ નથી. દીર્ઘકાલીન જીવનમાં સફળતા માટેનાં અનેક રસ્તા છે. વિદ્યાર્થીઓને નિરાશ થયા વિના ધૈર્ય, દૃઢ મનોબળ અને જુસ્સાથી પરીક્ષા આપવા રાજ્યપાલે અનુરોધ કરતાં જણાવ્યું કે ,ઈમાનદારીથી કરેલાં કઠોર પરિશ્રમનું પરિણામ અવશ્ય મળે છે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહીને ધો-૧૦,૧૨ ની બોર્ડની પરીક્ષા આપે તે માટે રાજ્ય સરકારે ઘનિષ્ઠ આયોજન કર્યું છે. વિદ્યાર્થીઓએ તણાવમુક્ત વાતાવરણમાં રહી પરીક્ષા આપવી જોઈએ તેમ જણાવ્યું હતું.

શાળાના આચાર્યા ડૉ.ચેતના બૂચ ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા નિર્ભય રીતે આપી શકે તે માટેના માર્ગદર્શક સૂચનો આપી વિદ્યાર્થીઓના જોમ અને જુસ્સામાં વધારો કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મુકેશભાઈ પટેલ, બી.એ.પટેલ, કનુભાઈ એમ પટેલ, જશવંતભાઈ કે પટેલ, લાભુભાઈ એસ. દેસાઈ, અશોકગીરી ગોસ્વામી, સંદિપભાઈ ચૌહાણ, સુનિલભાઈ દવે, શ્રીમતી જીજ્ઞાબેન મોદી,શ્રીમતી શીતલબેન ત્રિવેદી હાજર રહ્યા હતા.

# સિદ્ધાર્થ મિરેકલ્સ શાળામાં 'ગણતંત્રદિવસની ઉજવણી'



ગાંધીનગર, તા. ૩૦

ભારત સાંસ્કૃતિક પરંપરાઓનો દેશ છે. તેમાં તહેવારોનું એક આગવું મહત્વ છે. ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારો એમ બંને પ્રકારના તહેવારો ઉજવવામાં આવે છે. ભારતીય ગણાતંત્ર દિવસનું મહત્વ એ છે કે આ દિવસે એટલે કે ૨૬ મી જાન્યુઆરીએ ડો. બાબાસાહેબ આંબેડકરે ભારતીય બંધારણ સંસદમાં પહેલી વખત રજૂ કર્યું. તેથી આપણે દર વર્ષે આ દિવસને ખૂબ જ ધામધૂમથી ઊજવીએ છીએ. સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ગણતંત્રદિવસની ઉજવણી કરી જેમાં તમને પોતાની ફરજો અને હકોનું જ્ઞાન આપવામાં આવ્યું. વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ રાષ્ટ્રભકિત એકતામાં અનેકતાના દર્શન કરાવ્યા. 'સ્વચ્છતા અભિયાન' પર બાળકોએ પોતાના મૌલીક વિચારો રજૂ કર્યા. કાર્યક્રમની પૂર્ણાહુતિ રાષ્ટ્રીય ગાન ગાઈને કરવામાં આવી.

# જીઈબી પ્રા. શાળા અને સેકટર-૨૯ પ્રા.શાળાના ઉપક્રમે સ્કૂલ ટ્વિનિંગ અને એક્સપોઝર કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૩૦

સરકારી પ્રાથમિક શાળા જી.ઈ.બી,કોલોની અને સ.પ્રા.શાળા સે. ૨૯/૧ ના સંયુકત ઉપક્રમે "સ્કૂલ ટ્વિનિંગ અને એકસ્પોજર વિઝિટ"નો કાર્યક્રમ તા-૨૦/૧ અને તા-૨૯/૧ ના યોજાયો હતો .એકશાળાના ધો-૬ થી ૮ ના બાળકો બીજી શાળાની મુલાકાત લઈ અને એકબીજાની પ્રવૃતિઓથી માહિતગાર થાય એ હેતુથી આ મુલાકાત લીધી હતી.

ITI ગાંધીનગર દ્વારા જી.ઈ.બી. કોલોની ખાતે 'કૌશલ્ય વર્ધન કેન્દ્ર'ની મુલાકાત બાળકોએ લીધી ત્યાં સીવણ ક્લાસ, કમ્પ્યુટર કોર્સ, બ્યુટીપાર્લર ક્લાસ, ભરતગુથણ કોર્સ વગેરે કન્યાઓને ઉપયોગી એવા અનેક કોર્સ સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવે છે. કમ્પ્યુટરના વર્ગસંચાલક વિજયભાઈઅને સ્વેતાબેને બાળકોને આ સંસ્થાનો લાભ લેવા ભલામણ કરી હતી, ત્યારબાદ શાળામાં રમતોત્સવનું આયોજન કરાયું.જેમાંશાળાનાતમામ બાળકોએ વાયજૂથને અનુરૂપ રમતોમાં ભાગ લીધો .દોરડાકૂદ,ખો-ખો,સાતતાળી, થ્રોબોલ, સાતોલિયું વગેરેજેવી અનેક વિધ વિસરાતી રમતો રમાડવામાં આવી. સી.આર.સી. મિતેશભાઈ, આચાર્યશ્રી દીપ્તિબેન,હર્ષાબેન શાળા પરિવારના સભ્યોએ ઉલ્લાંસભેર ભાગલીધો હતો.સે-૨૮/૧ સી.આર.સી. કક્ષા એ "બેટી બચાઓ બેટી પઢાઓ" અંતર્ગત ધો -૮ ની હેતલ પુરબિયા એ ભાગ લીધેલ.જેમાં ત્રીજો ક્રમાંક આવ્યો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં સરસ્વતી પૂજન થયું



ગાંધીનગર, તા. ૩૦

વસંત પંચમી નીમીત્તે મા સરસ્વતીનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું સાથે સાથે વસંતના આગમનની વધામણી કરવામાં આવી હતી.

શાળા પ્રાંગણમાં વિદ્યાર્થીઓ શિક્ષક મિત્રો, આચાર્ય શ્રી તથા શાળાના ટ્રસ્ટીશ્રીની ઉપસ્થિતિમાં મા સરસ્વતીની વંદના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને વસંત પંચમીના મહિમાથી માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળા પ્રાંગણમાં આધ્યાત્મિક તેમજ આનંદિત વાતાવરણ સર્જાઈ ગયું હતું.

# સેફોની (ડીપ્લોમા એન્જીનીયરીંગ)નું ગૌરવ



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ઝોનની એસ.પી. બી. પટેલ એન્જીનીયરીંગ કોલેજ (ડીપ્લોમા) ની GTU દ્વારા લેવાયેલ Winter-2019 ની પરીક્ષામાં સેમેસ્ટર-૫ માં ડિપ્લોમા સિવિલ એન્જીનીયરીંગમાં પ્રાચી પટેલે ૧૦ માંથી 10 SPI મેળવી કુલ ૩૬૦૦ વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે તેમજ ડિપ્લોમા મિકેનીકલમાં ચિરાગ પરમારે પણ ૧૦ માંથી 10 SPI મેળવી કુલ ૪૯૩૨ વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે અને તિથી શર્માએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રિયેશભાઈ દલાલ, આચાર્ય પ્રો.એમ.એ.પટેલ તેમજ સંચાલક મંડળ, ડો.ગુલાબભાઈ, કુશલભાઈએ પણ વિદ્યાર્થીઓ ની આ ઉપલબ્ધિ બદલ તમામ સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપી બિરદાવ્યા હતા.

# એસ.જી. અંગ્રેજી શાળામાં ઈન્ટર હાઉસ ક્રિકેટ અને બાસ્કેટ બોલની સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.જી.,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૦ ઈન્ટર હાઉસ ક્રિકેટ અને બાસ્કેટ બોલની સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ અને વિધ્યાર્થીનીઓ માટે બાસ્કેટ બોલની સ્પર્ધાનું આયોજન થયું હતું. તેમાં બાસ્કેટ બોલની સ્પર્ધામાં ગ્રીન હાઉસ અને ક્રિકેટમાં રેડ હાઉસનો પ્રથમ નંબર આવ્યો હતો.. આ સ્પર્ધામાં વિધ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# સર્વ નેતૃત્વના યુવાઓ દ્વારા ૭૧માં ગણતંત્ર દિવસની અનોખી ઉજવણી




તા. ૨૬ જાન્યુઆરીના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વના યુવાઓ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી અનોખી રીતે આર્થિક રીતે ગરીબ લોકોની વચ્ચે રહી કરી હતી. ગાંધીનગરના અલગ અલગ છેવાડાના લોકોના રહેવાસ ખાતે મિશન ગીફ્ટ પ્રોજેક્ટ અંતર્ગત એલડીઆરપી એન્જિનિરિંગ અને વીપીએમપી પોલિટેક્નિક ના યુવાનો દ્વારા શહેરના આર્થિક રીતે નબળા વર્ગના પરીવારોને કપડાં, બુટ-ચંપલ આપી અને તેઓને વ્યસનમુક્તિ, આર્થિક આવક અને બચત કઈ રીતે કરવી તથા રોજગારી મેળવવાના રસ્તાઓ બતાવીને આનંદ-ઉલ્લાસ અને ઉત્સાહભેર રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાકદિનની ઉજવણી કરાઈ હતી.